‘સબલા - કિશોરી શક્તિ યોજના’
હેઠળની ICDS સોસાયટીમાં પાર્ક
કરેલ ગ્રાંટની મુદત વધારવા
બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૧૨૦૧૭/૨૧૭/બ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૬/03/૨૦૨૧

**વંચાણે લીધા:**

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૨૭-૪-૨૦૧૬નો ઠરાવ ક્રમાંક:આઇસીડી/ ૧૦૨૦૧૬/૨૧૦૩૭૯/બ

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૧૪-૯-૨૦૨૦નો સમાન ક્રમાંકનો ઠરાવ.

(3) કમિશ્નરશ્રી મ.બા.વિ.ની કચેરી, ગાંધીનગરનો તા.૧૮/૦૮/૨૦૨૦નો પત્ર.

**આમુખ:**

વંચાણે લીધા (૧) પરના ઠરાવથી મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકની વર્ષ ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં સામાવિષ્ટ રૂ.૧૦૦ કરોડ થી ઓછી રકમની ચાલુ બાબતોને વહીવટી મંજુરી આપવામા આવેલ હતી. વંચાણે લીધા (૨) પરના ઠરાવથી વર્ષ ૨૦૧૬-૧૭ના કિશોરી શક્તિ યોજના હેઠળની ૫૩૧.૫૦ લાખની ગ્રાંટ તા.૩૧-૩-૨૦૨૧ સુધી આઈસીડીએસ સોસાયટીમાં જમા રાખી ખર્ચ કરવાની મંજુરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા (3) પરના કમિશ્નરશ્રી, મ.બા.વિ.ની કચેરીના પત્રથી વર્ષ ૨૦૧૬-૧૭ની કિશોરી શક્તિ યોજના હેઠળની ૫૩૧.૫૦ લાખની ગ્રાંટ તા.30/૬/૨૦૨૧ સુધી આઈસીડીએસ સોસાયટીમાં જમા રાખી ખર્ચ કરવાની મંજૂરી માટે દરખાસ્ત કરેલ છે. ઉક્ત બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે:

**//ઠરાવ//**

વર્ષ ૨૦૧૬-૧૭ની કિશોરી શક્તિ યોજના હેઠળની 30૮.૦૬ લાખ (સ્ટેટ) અને સબલા યોજના હેઠળની ૨૨૩.૪૪ લાખ (સી.એસ.એસ.અને સ્ટેટ) મળીને કુલ ૫૩૧.૫૦ લાખની ગ્રાંટ તા.30/૦૬/૨૦૨૧ સુધી આઈસીડીએસ સોસાયટીમાં જમા રાખી ખર્ચ કરવાની નીચેની શરતોને આધીન મંજૂરી આપવામાં આવે છે:

1. આઈસીડીએસ સોસાયટીના હવાલે મુકેલ રકમ ડીપોઝીટ તરીકે GSFS ખાતે મુકવાની રહેશે.
2. GSFS માં ડીપોઝીટ કરેલી રકમ ઉપર મળેલ વ્યાજની રકમ રાજ્ય સરકાર ખાતે એટલે કે, બજેટ સદર ૦૦૪૯-૦૪-૮૦૦-૨૧ હેઠળ અચૂકપણે જમા કરાવવાની રહેશે.
3. સોસાયટીમાં જમા કરાવેલ રકમ જે તે હેતુસર જ ઉપયોગમાં લેવાની રહેશે.
4. ખર્ચ/ચુકવણું કર્યા બાદ વધતી રકમ રાજ્ય સરકારમાં પરત જમા કરાવવાનું રહેશે.
5. તા.30/૬/૨૦૨૧ બાદ મળનાર વ્યાજ તથા વણવપરાયેલ રકમ સરકારશ્રીમાં જમા કરાવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા. ૨૫/3/૨૦૨૧ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે .

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ગોપાલસિંહ ચાદવ)
ઉપસચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ

1. સચિવશ્રી (આ.બા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
2. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
3. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર, ૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
4. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર, ૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. વહીવટી સંચાલકશ્રી, ગુજરાત સ્ટેટ ફાઈનાન્સીયલ સર્વિસીસ લી. વિંગ-B3, ત્રીજો માળ, ખનીજ ભવન, વસ્ત્રાપુર, અમદાવાદ.
6. સભ્ય સચિવશ્રી, ગુજરાત આઇસીડીએસ સોસાયટી, ગાંધીનગર
7. શાખા સિલેકટ ફાઈલ.